# તલોદનગર પાલિકાની ચૂંટણીમાં પક્ષો દ્વારા ઉમેદવારોની જાહેરાત ન થતાં મોટી પળોજણ

તલોદ, તા. ૨૩

રાજયભરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે તે અંગેની પ્રક્રિયા પૂરજોરમાં ચાલી રહી છે. પરંતુ તલોદ નગરપાલિકાની ચૂંટણીમાં કયા સત્તાવાર ઉમેદવારે ઉભા રાખવાના છે તે અંગે માન્ય પક્ષો દ્વારા અત્યાર સુધી કોઈ જ જાહેરાત ન થતાં સ્થાનિક કક્ષાએ મોટી પણોજણ ઉભી થઈ છે. ગુરૂવાર ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોઈ પક્ષોના ઉમેદવારોમાં ભારે દોડધામ થવાની શક્યતાઓ ઉભી થઈ છે ત્યારે અંતિમ ઘડી સુધી રણનીતી નક્કી ન કરી શકતાં બે મુખ્ય પક્ષો પ્રત્યે પ્રજામાં ભારે નારાજગી પ્રવર્તી છે.

તલોદનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ચૂંટણી પંચ દ્વારા ફોર્મ સ્વીકારવાના શરૂકરી દીધેલ છે. જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારી ફોર્મ ભરાયાની વિગતો સાંપડી છે. પરંતુ બે મુખ્ય પક્ષો હજુ સુધી ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરી શક્યા નથી. જેથી કાર્યકરો અને ઉમેદવારો પણ પક્ષોના સસ્પેન્સથી અકળાઈ ઉઠ્યા છે.

**આજે છેલ્લો દિવસ હોવાથી ભારે દોડધામ મચશે અત્યાર સુધી મોટી સંખ્યામાં ફોર્મ ભરાયા**

ઉમેદવારી પત્ર સાથે સામેલ કરવાના પૂરાવા તથા અન્ય માહિતી એકત્ર કરવાની પળોજણમાં પક્ષોના સંભવિત ઉમેદવારો પડ્યા છે. પરંતુ પક્ષ તરફથી મેન્ડેડ મળશે કે કેમ ? તેની ચિંતામાં પડ્યા છે. જો કે કેટલાક ઉમેદવારોએ અગાઉથી જ અપક્ષ ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી દીધી છે જેથી પક્ષ તરફથી સાનુકુળ પ્રત્યુત્તર ન મળે તો અપક્ષ તરીકે ચૂંટણી લડી શકાય.

જો કે પાલિકાની ચૂંટણીને લઈને તલોદશહેરમાં કડકડતી ઠંડીમાં પણ ગરમાવો આવી ગયો છે. પક્ષો દ્વારા મિટીંગ યોજી સક્ષમ ઉમેદવારની શોધ થઈ રહી છે પરંતુ તલોદની પ્રજા કોઈ મન કળવા દેતી ન હોવાથી ચૂંટણી રસપ્રદ બને તેવા સંજોગો સર્જાયા છે. ભાજપ-કોંગ્રેસ પક્ષ અંતિમ ઘડી સુધી ઉમેદવાર પસંદ ન કરી શકતા હોવાનું હાલની સ્થિતિ ઉપરથી જણાઈ રહ્યું છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા ખાતે નેતાજી શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી

ડીસા ખાતે ચાલતી સેવાભાવી સંસ્થા શ્રી સુભાષ સેવા ટ્રસ્ટ, ડીસા સંચાલીત શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા નેતાજીશ્રી સુભાષચંદ્ર બોઝ ની જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વહેલી સવારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતફેરી કાઢવામાં આવેલ જે સાઈબાબા , ફુવારા, જેવા ડીસાના જાહેર માર્ગો પર ફરી સુભાષ ચોકમાં આવેલ જ્યાં સ્કુલના બાળકો, શીક્ષકો તથા આમંત્રીત મહેમાનો હાજર રહ્યા હતા. જેમાં વંદે માતરમ્ ના ગાન સાથે નેતાજી શ્રી સુભાષચંદ્ર બોઝ ની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્કુલના બાળકોને ચોપડા,પેન,તેમજ બીસ્કીટનું વિતરણ કરવામાં આવેલ.

# ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં ૬૫ ઉમેદવારી ફોર્મ ભરાયાં

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્માનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાની કાર્યવાહી શરૂ થયા પછી બુધવાર સુધીમાં કુલ ૬૫ ઉમેદવારી ફોર્મ ભરાયાં હતા. ખેડબ્રહ્મા નગરપાલિકાના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી આર.આર. ઠક્કર તથા નાયબ મામલતદાર પી.કે. પટેલના જણાવ્યા અનુસાર ૧૯મી તારીખે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા પછી મંગળવાર સુધીમાં ૧૮ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા અને આજે ૪૭ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. આમ કુલ ૬૫ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. તા. ૨૪ ઉમેદવારી ફોર્મ ભરવાની અંતીમ તારીખ છે તેથી હજુ વધુ ઉમેદવારી ફોર્મ ગુરૂવારે પણ ભરાશે

## પક્ષ અને વોર્ડ મુજબ ઉમેદવારી પત્રોની યાદી

| વોડ નં. | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૩ | ૧ | ૮ |
| ૨ | ૪ | ૩ | ૨ | ૯ |
| ૩ | ૮ | ૮ | - | ૧૬ |
| ૪ | ૩ | ૩ | - | ૬ |
| ૫ | ૪ | ૩ | - | ૭ |
| ૬ | ૨ | ૩ | - | ૫ |
| ૭ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૮ | ૩ | - | ૧ | ૪ |
| ૯ | ૪ | ૩ | - | ૭ |

# બાયડ-હિંમતનગર અનિયમિત ઈન્ટરસીટી બસથી મુસાફરો પરેશાન

બાયડ, તા. ૨૩

બાયડથી હિંમતનગર તરફ જવા માટે માત્ર એક જ ઈન્ટરસીટી બસ હોવાથી મુસાફરોને મુશ્કેલી વેઠવી પડે છે. એસ.ટી. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં પણ નવી બસની ફાળવણી કરવામાં આવી નથી. મુસાફરો દ્વારા હિંમતનગર તરફ જવા માટેની નવી બસની માંગણી નહિ સંતોષાય તો મુસાફરોએ ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બાયડથી હિંમતનગર તરફ જવા માટે બાયડ ડેપોથી એક માત્ર બસ મૂકવામાં આવી છે. જે દિવસ દરમિયાન ત્રણ ફેરા મારે છે. આ બસની કંગાળ હાલત જોતા મુસાફરો પણ બેસવાનું ટાળે છે. કારણ કે બસ ગમે ત્યારે રસ્તામાં બ્રેકડાઉન થાય તેવી પરિસ્થિતિમાં છે. મુસાફરોને પારવાર મુશ્કેલી પડતી હોવા છતાં તંત્ર અન્ય બસની ફાળવણી કરવામાં ઉદાસીનતા ધરાવે છે. ન છુટકે મુસાફરોને પ્રાઈવેટ સાધનોનો વિકલ્પ પસંદ કરવો પડે છે. હિંમતનગર વડુ મથક હોવાથી સરકારી કામકાજ અર્થે તેમજ વેપારી મથક હોવાથી મુસાફરોને હિંમતનગર જવું પડે છે અને બસ ન મળવાથી મુસાફરો અકળાય છે. મુસાફરોએ બાયડ એસ.ટી. તંત્ર સમક્ષ નવી બસની ફાળવણી માટે અનેકવાર રજુઆત કરવા છતાં એસ.ટી.ના અધિકારીઓ રજુઆતને ધ્યાને લેતા નથી. આથી મુસાફરોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

# પોષી પૂનમે ખેડબ્રહ્મામાં પ્રાગટ્યોત્સવ ઉજવાશે

ખેડબ્રહ્મા, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં આવેલુ માતાજી મંદિર નાના અંબાજી તરીકે ઓળખાય છે. તા. ૨૭ જાન્યુઆરીને પૂનમે મા અંબાનો પ્રાગટ્ય દિવસ હોવાથી ખેડબ્રહ્મામાં પોષી પૂનમે મા અંબાનો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે જેને ઉજવવા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભક્તિ-શક્તિ અને જ્યાં શ્રદ્ધાના ડંકા વાગે છે ત્યાં દૂર પૂનમે નવરાત્રિ-દિવાળી અને બારે માસ અસંખ્ય શ્રદ્ધાળુઓ મા અંબાના દર્શન કરવા ઉમટી પડે છે. પરંતુ પોષી પૂનમનું વિશેષ મહત્વ છે. આ પૂનમના દિવસે મા અંબાનું પ્રાગટ્ય થયું હતું. અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટના વહીવટકર્તાઓના જણાવ્યા અનુસાર પોષી પૂનમના દિવસે મા અંબાનો પ્રાગટ્યોત્સવ ઘણા વર્ષોથી પૂનમના દિવસે અન્નકુટ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. અને મા અંબાને વિવિધ વાનગીઓ, સુકામેવાનો અન્નકુટ ભરવામાં આવે છે. પૂનમના અન્નકૂટના દર્શને એક લ્હાવો અને આસ્થાની વાત છે. અસંખ્ય શ્રદ્ધાળુઓ અન્નકુટ તથા મા અંબાના દર્શન કરી શ્રદ્ધાના ડંકા વગાડી ધન્યતા અનુભવે છે. આ પ્રસંગે નવચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## પોષી પૂનમનો દર્શનનો સમય

| | |
|---|---|
| સવારે આરતી | ૬.૦૦ કલાકે |
| રાજભોગ આરતી | ૮.૩૦ કલાકે |
| દર્શન બંધ | ૧૦.૪૫ થી ૧૧.૦૦ કલાક સુધી |
| આરતી દર્શન | ૧૧.૦૦ થી ૧૧.૧૫ કલાકે |
| અન્નકુટ દર્શન | ૧૧.૦૦ થી ૩.૦૦ સુધી |
| સાંજે આરતી | ૭.૦૦ કલાકે |
| દર્શન | સાંજે ૧૦.૦૦ કલાક સુધી |

# તલોદ હરસોલ માર્ગ એકદમ હલકી કક્ષાનો બનતો હોવા સામે ભારે જન આક્રોશ

તલોદ, તા. ૨૩

તલોદ મામલતદાર કચેરીથી હરસોલ સુધીના માર્ગનું પેવરીંગ કામ શરૂ કરાયું છે. આ માર્ગમાં એકદમ હલકી કક્ષાનું મટીરીયલ્સ વપરાયું હોવાની લોકોમાં બુમ ઉઠી છે. કાગળ જેટલી પાતળી જાડાઈ સાથે બની રહેલો આ માર્ગ પ્રથમ વરસાદે જ ધોવાઈ જવાની દહેશત ઉભી થઈ છે. ત્યારે પ્રજાના નાણાં પાણીમાં વહી જશે તેવું લાગી રહ્યું છે. લોકોએ આક્રોશપૂર્વક વિઝિલન્સ તપાસની માંગ કરી ઠેકેદારને કામથી અળગા રાખવા પગલાં ભરવા તંત્રને જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે.

**વર્ષો પછી બનતા આ માર્ગમાં મટીરીયલ્સનો ઉપયોગ નહીવત, પ્રજાના નાણાં પાણીમાં જશે**

તલોદના ભરચક ટ્રાફીકથી ધમધમતા માર્ગ એવા મામલતદાર કચેરીથી હરસોલ માર્ગનું પેવરીંગ કામ પૂરઝડપે થઈ રહ્યું છે. એક જ દિવસમાં મામલતદાર કચેરીથી સુભાષચોક સુધી પહોંચી ગયેલા આ કામમાં વેઠ ઉતરતી હોવાનું પ્રથમ દષ્ટિએ તેમજ લોકોને લાગી રહ્યું છે.

ફક્ત ડામર અને થોડીક જ કપચી મિશ્રીત મટીરીયલ્સ પાથરી રોડ રોલર ફેરવી દઈ ઠેકેદાર કાગળ ઉપર કામ બતાવવાની ઉતાવળમાં હોવાનું જણાઈ રહ્યું છે. આ માર્ગ ઉપર વડાગામ, ધનસુરા, બાયડ વગેરેથી ક્વોરીનો જથ્થો લઈ અસંખ્ય ભાર વાહકવાહનો પસાર થાયછે ત્યારે માર્ગની ક્ષમતા ચકાસ્યા વગર ફક્ત કામ મળ્યુ છે તે પૂર્ણ કરવાની વૃત્તિ આ કામમાં સ્પષ્ટ દેખાઈ રહી છે.

એકદમ હલકી કક્ષાના બની રહેલા આ માર્ગમાં વપરાતા મટીરીયલ્સની ગુણવત્તા પણ નિમ્ન કક્ષાની હોવાનું નજરે જોનારા કહી રહ્યા છે. સત્વરે આ કામ અટકાવી દઈ પ્રજાના પૈસાની બરબાદી રોકવી જોઈએ. તેમજ વિઝિલ્સ તપાસ કરી આ કામ કરનારે ઠેકેદાર પાસેથી કાયમી પરવાનો રદ કરી કડક પગલાં ભરવા લોકોએ આક્રોશપૂર્વક માંગ કરી છે.

# કુશાલપુરા ગામની યુવતીને બે ઈસમો ઉપાડી જતા પોલીસ ફરિયાદ નોંધાઈ

હિંમતનગર, તા.૨૩

ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામની યુવતિને ગામના જ બે ઈસમોએ લગ્ન કરવાના ઈરાદે ખેંચતાણ કરી લઈ ગયા હતા. આ મામલે ભિલોડા પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ કુશાલપુરા ગામેથી ગત તા. ૨૧ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ રાત્રિના સમયે ગામની યુવતિને વાહીદખાન ઈકબાલખાન ખલીફા લગ્ન કરવાના ઈરાદાથી પકડીને ખેંચતાણ કરી લઈ ગયો હતો તે દરમિયાન મોહસિન ખાને વચ્ચે પડી પ્રતિકાર કરતા જાવેદખાન ખલીફાએ મોહસિનને લોખંડની પાઈપ કપાળના ભાગે મારી ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે યુવતિના પિતાએ ભિલોડા પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. વી.યુ. ચાવડા કરી રહ્યા છે.

# પાલનપુર સિવિલનું ટેન્ડર જિલ્લા કલેક્ટર નિર્ણય લેશે

પાલનપુર, તા. ૨૩

પાલનપુર સિવિલ હોસ્પિટલના દ્વાર પાસે ગેરેજમાં ફાળવેલુ અલ્પાહાર (કેન્ટીન)નું ટેન્ડર પૂર્ણ થતાં ફરી ટેન્ડર બહાર પાડવામાં આવેલ. જેની જાહેર ખબર ટેન્ડર ભરનારાઓને મળેલ ન હોવા છતાં ટેન્ડરો ભરેલ અને તેમાં પણ નાની નાની ખામીઓ કાઢીને રદ કરી નખાતા ટેન્ડર ભરનારાઓએ ભારે વિરોધ દર્શાવતા સિવિલ સર્જન એસ.એન. પટેલે ગંભીરતા દાખવીને કોઈપણ નિર્ણય ન લઈને સ્થગીત કરીને જિલ્લા કલેક્ટરને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ ગતરોજ તમામ રદ થયેલા ટેન્ડર ભરનારાઓ સિવિલ સર્જનને મળેલા. તેમણે ખાત્રી આપી હતી કે ખોટુ નહી થવા દઉ કાયદાની રીતે જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. ત્યાર બાદ ટેન્ડર ભરનારા જિલ્લા કલેકટરને મળીને તમામ ખામીઓની રજુઆત કરેલ. જે સાંભળીને તમામ ટેન્ડરો તથા ટેન્ડર ભરનારાઓ સિવિલ સર્જનને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બોલાવેલા છે. ટેન્ડરોનો નિર્ણય જિલ્લા કલેક્ટરની હાજરીમાં કરાશે તેવું જણાવેલ. આમ સમગ્ર વિવાદનો અંત જિલ્લા કલેક્ટરના હસ્તે થશે. જ્યારે આ બાબતની જાણ વર્તમાન ટેન્ડર ચાલકને થતાં તેણે ફેરીયાને તથા પેપરના રીપોર્ટરને છાપવું નહી તેવી વાત અન્ય સાથે કહેવડાવી હતી. અને સવારમાં પેપર વેચાવવા નહી દઉ તેવી ગર્ભીત ધમકીનું ઉચ્ચારણ કરેલ. પણ મીડીયાનું કામ સત્યને ઉજાગર કરવાનું હોય છે. અને તે વર્તમાન પત્રોમાં લખીને ઉજાગર કર્યુ છે. જેનું પરીણામ અને સત્ય જિલ્લા કલેક્ટર દ્વારા તેમની હાજરીમાં થશે. જાણવા મળતી માહિતી મુજબ અને ચર્ચાઓમાં થયેલ વાત મુજબ ટેન્ડર જેને સૌથી નીચુ ભર્યુ છે જે વર્તમાન કેન્ટીન ચલાવે છે તેનું હોવાની ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. હવે જોવાનું એ રહ્યું કે ટેન્ડર કોને મળે છે અને સત્ય કેટલું છે ?

# પાલનપુર ખાતે સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

પાલનપુર,તા. ૨૩

'તુમ મુજે ખુન દો મે તુમ્હે આઝાદી દુંગા' નું સૂત્ર સાર્થક કરનારા સુભાષચંદ્ર બોઝનો જન્મ ઈ.સ. ૧૮૯૭ જાન્યુઆરી-૨૩ના રોજ ઓરિસ્સાના કટક ખાતે થયો હતો. તેમના પિતા જાનકીનાથ બંગાળના ચોવીસ પરગણા જિલ્લાના મહાનગરના વતની અને સરકારી વકીલ હતા. માતા પ્રભાવતી રામકૃષ્ણના પરમ ભક્ત હતા અને ઘરમાંથી નિર્તિકતાનો ગુણ તેમના વારસામાં હતો. બાળપણમાં તેમણે વિવેકાનંદના પુસ્તકોનું વાંચન પણ કર્યુ હતું. તેમના પૂત્ર સુભાષચંદ્ર બોઝે સરકારી નોકરીમાંથી એપ્રિલ-૧૯૨૧માં રાજીનામુ આપી યુવાન વયે સત્તા અને સંપત્તિના ત્યાગનું જલવંત ઉદાહરણ ભારતના કરોડો યુવાનો સામે રજુ કર્યો હતો. આવા દેશદાઝ રાખનારા લડવૈયા સુભાષચંદ્ર બોજે સ્વતંત્રતાની ચળવળ દરમ્યાન ૧૧ વખત જેલમાં ગયા હતા. જીવનના અનેક સપનાઓ વચ્ચે એકજ સ્વપ્ન જોનાર સુભાષ બાબુ વિશે ગાંધીજીએ કહ્યું હતું કે ધી પ્રિન્સ એમોન્ગ પેટ્રિએટ્સથી સંબોધન કર્યા હતા. ૧૭ ઓગષ્ટ ૧૯૪૫ના રોજ વિમાન દ્વારા રશીયા જવા નિકળ્યા હતા. પરંતુ આ વિમાન આકસ્મિક લાપત્તા થયું અને સૂભાષચંદ્ર બોઝનું મૃત્યુ આજ દિન સુધી અકબંધ રહ્યું છે. તેઓએ ફોરવર્ડ નામનું દૈનિક પત્ર પણ ચાલુ કર્યું હતું અને નિડરતાથી તંત્રી તરીકે દૈનિક પત્રને ચલાવ્યું હતું. આવા દેશની દાઝ રાખનારા નિડર દેશ પ્રેમી સૂભાષચંદ્ર બોઝના જન્મ જયંતિની ઉજવણી સંદર્ભે પાલનપુર ખાતે આવેલ કિર્તિસ્તંભ વિસ્તારમાં તેમના બાવલાને ફૂલહાર કરીને દેશ ભક્તિના ગીતો ચાલુ કરાતા સમગ્ર વાતાવરણ દેશ ભક્તિમય બની જવા પામ્યું હતું. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના ભાજપા પ્રમુખ ડૉ. કે.એસ. મોગરા, ઉપપ્રમુખ કરશનજી વાઘેલા, બનાસકાંઠા કોંગ્રેસના પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણ, કોંગ્રેસ અગ્રણી રાયમલજી સોલંકી, શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ પટેલ સહિત અનેક કાર્યકરો, નગરજનો ઉપસ્થિતરહીને તેમના બાવલાને ફૂલહાર કરીને તેમની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



# સંકલન સમિતિમાં સાબરકાંઠાના વિકાસને સ્પર્શતા મહત્વના પ્રશ્નો સાંસદ દ્વારા રજુ કરાયા

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના વિકાસને સ્પર્શતા વણઉકલ્યા પડતર પ્રશ્નોની રજુઆત જિલ્લા સંકલન સમિતિમાં થતી હોય છે.જેમાં જિલ્લાના મહત્વના અધિકારીઓની ઉપસ્થિતિ રહેતી હોય છે તથા પ્રશ્નો બાબતે બૃહદ ચર્ચા કરી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવતું હોય છે.

તાજેતરમાં તા. ૧૯-૧-૨૦૧૩ના રોજ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલ જિલ્લા સંકલનની બેઠકમાં સાબરકાંઠાના સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે ૩૭ વિકમજનક પ્રશ્નો રજુ કર્યા હતા. જેની ૨ કલાક સુધી ચર્ચા થઈ હતી.જેમાં કલેક્ટરથી માંડીને અનેક અધિકારીઓએ ભાગ લીધો હતો. રજુ કરાયેલ પ્રશ્નોમાં વિશેષ કરીને હિંમતનગરના સ્પિનિંગ મીલના કર્મચારીઓના વળતરનો પ્રશ્ન, વગેરે અનેક પ્રશ્નોની વિષદ ચર્ચા તથા નિકાલ કરવામાં આવ્યો હતો.

## કંપની સમાચાર

### રૂ. ૧૦૦૦ કરોડના મૂડીરોકાણ દ્વારા ટેલિકોમ સર્વિસને સુદઢ કરવા બીએસએનએલનો જીઆઈપીએલ સાથે કરાર

ગાંધીનગર, તા. ૨૨

જીએસપીસીની પેટા કંપની ગુજરાત ઈન્ફો પેટ્રો લિમિટેડે ભારત સંચાર નિગમ લિમિટેડ સાથે આઈપીટીવી, વીએએસ અને વિવિધ ટેલિકોમ સર્વિસીસ ગુજરાતભરમાં પુરી પાડવા માટે ભારતસંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ) સાથે સમજૂતિના કરાર કર્યા છે. જીઆઈપીએલના સીઈઓ શ્રી વી.કે.શર્માએ જણાવ્યું હતું કે આ એમઓયુ હેઠળ રૂ. ૧૦૦૦ કરોડનું મૂડીરોકાણ થશે અને ૩૦૦ થી વધુ વ્યક્તિઓને આડકતરી રોજગારી મળશે.

જીઆઈપીએલ, ટોટલ સોલ્યુશન પ્રોવાઈડર (ટીએસપી) તરીકે મોટાભાગના વિભાગો માટે સોફ્ટવેર ડેવલપમેન્ટ, સર્વર હોસ્ટીંગ જેમાં વીપીએનએસ સર્વર હોસ્ટીંગ, સર્વર્સના કો-લોકેશન, વેબ હોસ્ટીંગ, વિડિયો કોન્ફરન્સીંગ અને ઓન ડિમાન્ડ બેન્ડવીથ પૂરી પાડીને એ કેટેગરીના આઈએસપી લાયસન્સ હોલ્ડર તરીકેની કામગીરી બજાવે છે. તે વિવિધ સરકારી વિભાગો/સંગઠનો એટલે કેજીયુવીએનએલ,. જીએમડીસી, જીઆઈપીએલ, કોમર્શિયલ ટેક્સ, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, શિક્ષણ બોર્ડ, કૃષિ વિભાગ અને બીઈસીએલ માટે નોડલ એજન્સી/ટોટલ સોલ્યુશન પ્રોવાઈડર (ટીએસપી)/એપેક્સ કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે.

'જીઆઈપીએલ અને મેસર્સ કેસોન એન્જીનિયરીંગ હંગેરી વચ્ચે ઓઈલ અને ગેસ સેક્ટર/ગુજરાતમાં વોટર એન્ડ લીક ડીટેકશન અંગેના સ્કાડા પ્રોજેક્ટ માટે સમજૂતિના કરાર થયા છે. આ એમઓયુ હેઠળ ૧૦૦ કરોડનું સંભવિત રોકાણ અને ૨૫૦ થી વધુ વ્યક્તિઓને રોજગારી મળવાની ધારણા છે.' શ્રી શર્માએ વધુમાં માહિતી આપીહતી કે 'અમે મેસર્સઈ-પ્રોક્યોરમેન્ટ (એલએલસી) સાથે ગુજરાતમાં ટેન્ડર પોર્ટલ ઓનલાઈન/રિવર્સ/ફોરવર્ડ ઓક્સન બીડીંગ પ્લેટફોર્મ માટે પણ સમજૂતિનો કરાર કર્યોછે. આ એમઓયુ હેઠળ રૂ. ૨૦ કરોડનું રોકાણ થશે અને ૧૦૦ વ્યક્તિઓને રોજગારી મળશે.'

વન વિભાગ, કૃષિ વિભાગ, શિક્ષણ બોર્ડ અને યુનિવર્સિટીઓ, ટુરિઝમ કોર્પોરેશન, ગૃહ વિભાગ, જીયુવીએનએલ,કોમર્શિયલ ટેક્સ, ગુજરાત વોટર ડિપાર્ટમેન્ટ, આરટીઓ અને બીઆરટીએસના સંચાલન માટે આઈટી સોલ્યુશન માટે જીઆઈપીએલ પસંદગીની કંપની બની રહી છે.







